ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૬૭ ટકા

# ગાંધીનગરના ૫૬મા સ્થાપના દિનની શહેરીજનો દિપ પ્રાગટય કરી ઉજવણી કરશે

## શહેર વસાહત મહામંડળ દ્વારા કોરોના મહામારીના કારણે ગાંધીનગરના જન્મદિનની ઉજવણી મોકુફ રખાઈ : શહેરીજનોને સવારે ૧૦ વાગે દિપ પ્રાગટય કરવા અનુરોધ

ગાંધીનગર, તા.૨૬

આગામી તા.૨જી ઓગસ્ટે ગુજરાતના પાટનગર ગાંધીનગરની સ્થાપનાને ૫૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. શહેરના ૫૬મા સ્થાપના દિન નિમિત્તે નાગરિકોને પોતાના ઘરે દિપ પ્રાગટય કરી ઉજવણી કરવા શહેર વસાહત મહામંડળ દ્વારા આહવાન કરવામાં આવ્યું છે.

બૃહદ મુંબઈ રાજયમાંથી અલગ પડેલા ગુજરાત રાજયના પોતાના પાટનગર તરીકે 'ગાંધીનગર'ને વિકસાવાયું છે. આ ગાંધીનગરની સ્થાપના તા. ૨જી ઓગસ્ટ ૧૯૬૫ના રોજ શહેરમાં થર્મલ પાવર સ્ટેશન કોલોની ખાતે ત્યાં નગરની પ્રથમ ઈમારતની પ્રથમ ઈંટ મુકવામાં આવી હતી. અત્યાર સુધી ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ટીપીએસ વિશ્રામ ગૃહ ખાતે અગ્રણીઓ તથા કલેકટર, મનપાના હોદ્દેદારો સાથે સાદગીથી પરંતુ અસરકારક રીતે ઉજવવામાં આવ્યો છે. જો કે આ વર્ષે કોરોના મહામારીના કારણે આ પરંપરાગત ઉજવણી કરી શકાશે નહી તેથી વસાહત મહામંડળ દ્વારા શહેરના તમામ વસાહત મંડળોને તે દિવસે સવારે ૧૦ વાગે પોતપોતાના ઘરે રહીને દિપ પ્રાગટય કરી નગરનો સ્થાપના દિવસ ઉજવવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ સાથે કુદરતને કોરોના મહામારીમાંથી શહેર, રાજય, દેશ અને વિશ્વને ઉગારે તથા રોગમુકત કરી જરૂરિયાતમંદોની સેવા કરવાની સૌને શકિત આપે તેવી પ્રાર્થના કરવા હાકલ કરી છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે અખબારી યાદીમાં જણાવ્યું છે કે દરેક નાગરિકો પોતાના ઘરે શહેરના સ્થાપના દિને સવારે ૧૦ વાગે દિપ પ્રાગટય કરે અને તે સાથે તેમણે થર્મલ પાવર સ્ટેશનના મુખ્ય ઈજનેર, વસાહત મહામંડળ, ટીપીએસ મહિલા મંડળ, વસાહત મંડળ વગેરે વતી દિલગીરી વ્યકત કરી છે.





અનલોક-૨માં મોટા ભાગના બજાર ખુલી ગયા છે. ગ્રાહકોની અવરજવર વધી છે પરંતુ સાથે જ સાવચેતી રાખવી પણ એટલી જ જરુરી છે. રક્ષાબંધન જેવા મોટા તહેવારની પહેલાનો રવિવાર ફીક્કો રહ્યો. કોરોના કાળમાં લોકો ઘરની બહાર નીકળતા ડરી રહ્યા છે. એટલું જ નહી ધંધા રોજગારમાં પણ મંદી હોવાથી લોકો પૈસા ખર્ચતા અટકાય છે. જેના કારણે દર વર્ષ જેવી ઘરાકી જોવા મળતી નથી. જો કે શહેરની મોટાભાગની દુકાનો અને શૉ રૂમ્સમાં સોશીયલ ડીસ્ટન્સીંગનું પાલન કરાવવામાં આવે છે. કોરોના સંબધિત વિવિધ સુચનાઓ નાની દુકાનો તથા ગલ્લાઓમાં પણ જોવા મળી રહી છે. મોટી દુકાનોથી લઈને લારી ગલ્લાવાળાઓ પણ ગ્રાહકોની રાહ જોઈ રહ્યા છે.



'વિનાયકના વધામણાં' કાર્યક્રમ અન્વયે લાયન્સ ફેમિના તેમજ નવોદિતા ગ્રુપ દ્વારા ઓનલાઈન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. માટીનો ઉપયોગ કરી સંસ્થાની મહિલા સભ્યોએ ઈકો ફ્રેન્ડલી ગણપતિ બનાવ્યા હતા અને પર્યાવરણ જાગૃતિ અંગેનો સંદેશ પ્રસરાવ્યો હતો. નિવેદિતા મહિલા મંડળના પ્રમુખ અનુજા નાફડે અને લાયન્સ ફેમિનાના પ્રમુખ મમતા રાવલ તેમજ પ્રોજેકટ ચેરમેન પલ્લવી ગુપ્તેએ કાર્યક્રમને સફળ બનાવવા મહત્વની ભૂમિકા અદા કરી હતી.

## જાગૃત નાગરિક પરિષદની કારોબારીની વર્ચ્યુઅલ બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના કારોબારી સભ્યોની વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી. જેમાં એચ.બી. વરિયા, ભાનુપ્રસાદ પુરાણી, વાગ્મિનભાઈ બુચ, પ્રો. રવીન્દ્રભાઈ દવે, એસ.ડી.આર. મલિક, મનિષભાઈ દવે, સુમંતભાઈ શાહ, નિરંજનભાઈ ઓઝા, રાજેન્દ્રભાઈ પારેખ, હસમુખભાઈ ઠાકર, કુસુમબેન ત્રિવેદી, જીતેન્દ્રભાઈ ત્રિવેદી, લક્ષ્મણસિંહ રાજપુત વગેરે જોડાયા હતા.

# આદર્શ નિવાસી વિદ્યાલય ખાતે રોટરી કલબ ઓફ કેપિટલનું વૃક્ષારોપણ




ગાંધીનગર, તા.૨૬

માનવ જીવનમાં જેની ખૂબ આવશ્યકતા છે તે વૃક્ષોનું વાવેતર ચોમાસાની ઋતુમાં ખૂબ જ મહત્વ ધરાવે છે તેથી રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા આ સીલસીલો આગળ ધપાવતા આદર્શ નિવાસી (કન્યા તેમજ કુમાર) શાળા ખાતે ૩૫૦ જેટલા આયુર્વેદિક તેમજ અન્ય ફૂલો, વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. ફકત વૃક્ષોનું વાવેતર જ નહીં તેનું જતન પણ થાય તેની પણ કાળજી રાખવા માટે કટિબદ્ધતા દર્શાવી છે.

આ પ્રસંગે આસી. ગર્વનર પ્રદીપભાઈ રસ્તોગી, ડીસ્ટ્રીકટ ચેરમેન કનુભાઈ ઓઝા સહિત પ્રમુખ ઈલાબેન વોરા, સેક્રેટરી હસમુખભાઈ મેકવાન, પ્રોજેકટ ચેરમેન નરેશભાઈ પ્રજાપતિ, અરવિંદભાઈ રાણા, અમીબેન શાહ, જગતભાઈ કારાણી, મિતાબેન ઉપાધ્યાય, અભેરાજ ચૌધરી, પાર્થ ઠકકર, દિપ્તીબેન સબાપરા, ઉદયભાઈ વોરા, જયશ્રીબેન ખેતિયા, અશ્વિનભાઈ શર્મા, ગૌરાંગભાઈ રાવલ, વિભાબેન ઠકકર સહિત અનેક રોટેરીયન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આદર્શ નિવાસી શાળા (કન્યા)ના આચાર્ય એસ.સી. પટેલ, આદર્શ નિવાસી શાળા (કુમાર)ના આચાર્ય ડી.એ. પટેલ સહિત સ્ટાફ મિત્રો વી.સી. ઉપાધ્યાય, ડી.કે. ચૌહાણ, એ.આર. ઠાકોર, એમ.કે.ગોસાઈ, આર.જી. ડામોર, ટી.સી. બ્રહ્મભટ્ટ, વિધીબહેન સહિત તમામ સ્ટાફ મિત્રો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રોજેકટ ચેરમેન નરેશભાઈ પ્રજાપતિ દ્વારા કાર્યક્રમને સફળ કરવામાં ખૂબ જ જહેમત ઉઠાવાઈ હતી. વૃક્ષોની સુવિધા ઉદય વોરા દ્વારા અને આભારવિધિ સેક્રેટરી હસમુખભાઈ મેકવાન દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમ સોશિયલ ડીસ્ટન્સ જાળવીને સરકારની કોવિડની ગાઈડલાઈન મુજબ યોજવામાં આવ્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. પ્રભુજી શકરાજી ઠાકોર, ઉ.વ. ૫૩, સેકટર-૨૦
- સ્વ. કાન્તાબેન વિષ્ણુભાઈ પટેલ, ૬૯, મુ. સરસાવ, તા. કડી, મહેસાણા
- સ્વ. નરેશભાઈ નટવરભાઈ દંતાણી, ઉ.વ. ૪૮, મુ. મુબારકપુર, તા. કલોલ
- સ્વ. રાવજીભાઈ શંકરભાઈ પટેલ, ઉ.વ. ૮૦, મુ. ધમાસણા, તા. કલોલ
- સ્વ. ઠાકોર મસુરબેન કેશાજી, ઉ.વ. ૬૫, મુ. ટીંટોડા (નાનપુરા), તા. ગાંધીનગર
- સ્વ. જુજારસિંહ દલપતસિંહ વાઘેલા, ઉ.વ. ૫૦, મુ. લીમ્બોદરા, તા. માણસા
- સ્વ. ભીખાભાઈ ગાંગજીભાઈ પટેલ, ઉ.વ. ૬૨, સેકટર-૫-બી
- સ્વ. ડાહ્યાભાઈ સોમદાસ પટેલ, ઉ.વ. ૬૩, સે-૨૪
- સ્વ. વૈષ્ણવ જગદીશચંદ્ર પ્રેમાભાઈ, ઉ.વ. ૫૫, જીવરાજપાર્ક, અમદાવાદ
- સ્વ. પટેલ ભોગીલાલ મણિલાલ, ઉ.વ. ૬૦, સેકટર-૨૨
- સ્વ. ભાલચંદ્ર હરસુખરાય શુકલ, ઉ.વ. ૭૦, સે-૩૦

# મહિલા મકાનધારકોને પ્રોપર્ટી ટેકસમાં પાંચ ટકા રાહત મળવામાં અડચણ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં મકાન જો મહિલાના નામે હોય તો તેને મકાનવેરમાં પાંચ ટકાની છુટ આપવાની જોગવાઈ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલી છે પરંતુ આ રાહતનો લાભ મહિલાઓએ મેળવવા રૂબરૂમાં આધાર કાર્ડ રજુ કરવાની જોગવાઈ કરી હોવાથી મહિલાઓ આ લાભથી વંચિત રહેતી હોવાનું તારણ જાગૃત નાગરિક પરિષદ દ્વારા જણાવાયું છે. જાગૃત નાગરિક પરિષદની અખબારી યાદીમાં જણાવાયું છે કે અત્યારે કોરોના મહામારીના પગલે મકાનવેરાની ચુકવણી ઓનલાઈન થતી હોવાથી આધારકાર્ડ રૂબરૂમાં બતાવવું શકય નથી તેથી આ પરિસ્થિતિ સર્જાઈ છે. માટે મનપા પાસે પ્રોપર્ટીને લગતા તમામ જરુરી દસ્તાવેજો હોવાથી ઓનલાઈન પ્રોગ્રામમાં આ સુવિધા ઉમેરવામાં આવે તેવી માંગ કરી છે.

મહિલાઓનો મકાનવેરામાં પાંચ ટકા રાહત માટે રૂબરૂ આવીને આધારકાર્ડ બતાવવાને બદલે પ્રોપર્ટીના દસ્તાવેજો જે મનપા પાસે છે તેના આધારે ઓનલાઈન મકાનવેરો ભરવામાં પણ પાંચ ટકાની રાહત મળે તેવી સુવિધા વિકસાવવા સાથે જાગૃત નાગરિક પરિષદ દ્વારા એવી પણ માંગ કરવામાં આવી છે કે જે મહિલાઓએ આ વેરો ચુકવી દીધો છે તેમને આવતા વર્ષે પાંચ ટકા મજરે આપવામાં આવે. શહેરના મેયરપદે હાલ એક મહિલા બિરાજમાન હોવાથી તેમણે મહિલાઓને સ્પર્શતી આ સમસ્યા અંગે તાત્કાલિક નિર્ણય કરવો જોઈએ. આ સાથે જે મકાનના દસ્તાવેજમાં પતિ-પત્નિના સંયુકત ધારક તરીકે નામ હોય તેવા કિસ્સામાં સંયુકત ધારક મહિલા માલિક હોવાથી મકાન વેરામાં અઢી ટકા રાહત આપવાની પણ પરિષદે માંગ કરી છે.

## સેકટર-૧૩ ખાતેથી રીક્ષાની ચોરી

ગાંધીનગર,તા.૨૬

સાબરકાંઠાના મણીયોર ખાતે રહેતા યુવક અશ્વિન રાવળ તા.૭ જુલાઈના રોજ ૧૦વાગ્યાના અરસામાં તે બે મુસાફરોને બેસાડી ઈડરથી ગાંધીનગર આવ્યો હતો. બપોરે અઢી વાગ્યાના સુમારે સેટર-૧૩ શોંપીગ સેન્ટર પાસે ઉતરેલા બે મુસાફરોએ રૂપીયા ન હોવાનું જણાવી સંબંધી પાસે રૂપીયા લઈને આવુ છુ તેમ કહીને ગયા હતા.અડધો કલાક વીતી ગયો હોવા છતા મુસાફરો ના આવતા રીક્ષા ચાલક તેમને શોધવા માટે નીકળ્યો હતો. ત્યારે ૧૫ મીનીટ પછી રીક્ષા ચાલક પરત ફર્યો ત્યારે તેની રીક્ષા પાર્ક કરેલા સ્થળથી ગાયબ હતી. ચાલકે આસપાસના વિસ્તારમાં તપાસ કરી હોવા છતા રીક્ષા મળી આવી ન હતી.થોડા દિવસ શોધખોળ અને રાહ જોયા પછી ચાલકે યુવકે સે-૭ પોલીસ મથકે રીક્ષા ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

# આ ગરમાવો માત્ર તાપમાનનો નથી, આફતોના એંધાણનો છે..!!

## એકવીસમી સદીના અંત સુધીમાં ગ્લોબલ વોર્મિંગના પગલે ભારતમાં ગરમીનો પારો હજુ સાડા ચાર ડિગ્રી જેટલો વધી શકે છે : આ સાથે કલાઈમેટ ચેન્જના દુષ્પરિણામો વાવાઝોડા, પૂર અને દુકાળ વગેરે સ્વરૂપે ભોગવવા પડી શકે છે : જરૂર છે લોકડાઉનમાં મળેલા બોધપાઠને જીવનમાં ઉતારવાની

ગાંધીનગર, તા.૨૬


કોરોના મહામારીના કારણે વિશ્વભરમાં આશરે પાંચસો કરોડથી વધુ નાગરિકોએ અભૂતપૂર્વ લોકડાઉનનો અનુભવ કર્યો અને તે સાથે જ સમગ્ર વિશ્વમાં મોટાભાગના વ્યવસાયો તથા કારખાના-ફેકટરીઓ વગેરે થંભી ગયા હતા. આ સાથે માર્ગો પરનો વાહન વ્યવહાર પણ થંભી જવાથી વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ ખૂબ ઘટી જવા પામ્યું હોવાનું અનુભવાયું છે. પ્રદૂષણ ઘટવાને કારણે વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યામાં રાહત મળી અને ઓઝોન પડમાં પડી રહેલું ગાબડું પુરાવા લાગ્યું તેવા અહેવાલો પ્રાપ્ત થતાં વિશ્વભરના પર્યાવરણ પ્રેમીઓમાં રાહતની લાગણી પ્રસરવા પામી છે, પરંતુ હવે મોટાભાગના દેશોમાં લોકડાઉનનો અંત આવી રહ્યો છે અથવા જયાં ચાલુ છે ત્યાં તેનો વિરોધ થઈ રહ્યો છે તેથી ફરીથી ગ્લોબલ વોર્મિંગની સમસ્યા માથું ઉંચકે તેવી સ્થિતિ સર્જાશે તેમાં બે મત નથી કેમ કે લોકડાઉનમાં માનવીએ ડાહી ડાહી વાતો તો બહુ કરી પરંતુ તેમાંથી ખરેખર બોધપાઠ ગ્રહણ કર્યો હોય તેવું જણાતું નથી. આ બાબતની પુષ્ટિ ભારતના અર્થ સાયન્સ મંત્રાલય દ્વારા એક અહેવાલમાં કરવામાં આવી છે જેમાં આગામી દસ્કાઓમાં ભારતમાં વાવોઝોડાં, હીટવેવ, પુર, દુષ્કાળ જેવી કુદરતી આફતોની ચોંકાવનારી આગાહી કરવામાં આવી છે.


કોરોના મહામારી દરમિયાન લાગુ પડેલા




લોકડાઉનમાં જાણે ડહાપણની દાઢ ફુટી હોય તેમ સોશ્યલ મિડીયા પર આપણે સૌએ 'પ્રકૃતિ તરફ પાછા વળવાની' અને 'લઘુત્તમ સંશાધનોનો ઉપયોગ કરી જરૂરિયાતોને અંકુશમાં રાખવાની' તથા 'સાદગીભર્યુ જીવન જ એક માત્ર શ્રેષ્ઠ વિકલ્પ' હોવાની અઢળક વાતો કરી પરંતુ જેવું અનલોક થવાનું શરૂ થયું કે તુરંત જ ફરી આપણે 'બધું' ભુલીને રાબેતા મુજબ જીવનશૈલીને લાગુ કરવામાં જરા પણ રાહ જોવાની તસ્દી લીધી નથી. હવે જો ખરેખર આપણે લોકડાઉનમાં મળેલો બોધપાઠ નહીં પચાવીએ તો સ્વાભાવિક રીતે જ પ્રદૂષણની સમસ્યા એજ ગતિએ વકરશે અને ફરી ગ્લોબલ વોર્મિંગનો સામનો કરવો પડશે. આજે જુલાઈ માસના અંતિમ ચરણમાં પણ હરિયાળા શહેર ગાંધીનગરમાં દિવસનું મહત્તમ તાપમાન સરેરાશ ૩૫ ડિગ્રી સે.ની આસપાસ રહેતું હોય ત્યારે નાગરિકોએ અર્થ સાયન્સીસ મંત્રાલયે આવનારા સમયમાં 'કલાઈમેટ ચેન્જ'ના કારણે કેવા પરિણામો ભોગવવાના છે તે પણ જાણી લેવું જોઈએ. આ રિપોર્ટ મુજબ પ્રવર્તમાન ૨૧મી સદીના અંત સુધીમાં ભારતમાં મહત્તમ તાપમાન ૪.૪ ડિગ્રી સુધી વધી શકે છે તેમજ દરેક દસકામાં વાવોઝાડા, હીટવેવ, પુર અને દુષ્કાળ જેવી કુદરતી હોનારતો પણ સર્જાતી રહેશે.

અર્થ સાયન્સીસ મંત્રાલયના આ રીપોર્ટ મુજબ ઉત્તર ભારતના વિસ્તારો દક્ષિણ ભારત કરતા વધુ ઉષ્ણ બનતા જાય છે અને દક્ષિણ ભારતમાં શિયાળાની ઋતુમાં પણ ઉષ્ણતામાનમાં વધારો થયો છે. વર્ષ ૧૯૦૧ થી ૨૦૧૮ સુધીમાં ભારતમાં સરેરાશ તાપમાન દર વર્ષે ૦.૬ ડિગ્રી સે.થી વધ્યું છે અને વર્ષ ૧૯૫૧થી વર્ષ ૨૦૧૫ સુધીના દરેક દસકામાં દિવસનું મહત્તમ તાપમાન ૭.૪ ડિગ્રી સે. જયારે રાતનું લઘુત્તમ તાપમાન ૩.૧ ડિગ્રી સે. જેટલું ઉંચું રહ્યું છે. આ ગાળા દરમિયાન ગરમ દિવસો અને ગરમ રાતોનો અભ્યાસ કરવા સાથે ૧૯૭૬-૨૦૦૫ના ગાળાની તુલના કરતાં હવે ગરમ દિવસોની ફ્રિકવન્સી ૫૫ ટકા અને ઉષ્ણ રાતોની સંખ્યા ૭૦ ટકા સુધી વધવાની શકયતા રજુ કરવામાં આવી છે. આ સાથે આવનારા દસકાઓમાં એપ્રિલ-જૂન દરમિયાન હીટવેવનો ગાળો બમણો થવાની અને તેની સંખ્યા ૩ થી ૪ ગણી થવાની ધારણા વ્યકત કરવામાં આવી છે. સમુદ્રની સપાટીનું તાપમાન પણ ઉષ્ણ કટીબંધીય હિંદ મહાસાગરમાં ૧૯૫૧-૨૦૧૫ની સરખામણીએ વાર્ષિક એક ડિગ્રી વધવા પામ્યું છે અને ૧૯૭૬-૨૦૦૫ના સરેરાશ તાપમાન કરતાં ૨૧મી સદીના અંતે ભારતમાં ૪.૪ ડિગ્રી તાપમાનમાં વધારો થશે તેવું તારણ રજુ કરાયું છે. આ સાથે ૧૯૫૧-૨૦૧૫ વચ્ચે ભારતમાં સરેરાશ વાર્ષિક વરસાદ ઘટયો હોવાની રીત રહી હોવા સાથે આ ઘટાડો મધ્ય ભારત, કેરલ અને દૂર પૂર્વના ઈશાની પ્રદેશમાં દોઢ એમએમ જેટલો નોંધાયો હતો. જો કે જમ્મુ-કાશ્મીર અને ઉત્તર ભારતમાં વરસાદનું પ્રમાણ વધ્યું હતું. હવે આગામી દસકાઓમાં ચોમાસાનો સરેરાશ વરસાદ વધશે અને અતિ ભારે વરસાદ વરસી શકે તેમજ વર્ષ દરમિયાન વરસતા વરસાદમાં પણ ભારે તફાવત રહે તેવી શકયતા વ્યકત કરાઈ છે કેમ કે ૧૯૫૦ના દસકાથી ભારે વરસાદ અને સુકા દિવસોની તીવ્રતા વધી છે, ખાસ કરીને નૈઋત્યના ચોમાસામાં મધ્ય ભારત તથા ઉપલક્ષ્યમાં આ પ્રકારનું વલણ નોંધાયું છે.






વીસમી સદીના પ્રારંભથી ભારતમાં ૨૨ દુકાળ પડયા છે. જેમાં ૧૯૫૧ અને ૨૦૧૬ના ગાળા દરમિયાન દુકાળના વિસ્તારો અને તેની અસરકારકતા વધવા પામી છે. અર્થ સાયન્સીસની ગણતરી મુજબ મધ્ય અને ઉત્તર ભારતમાં દસકા દીઠ દુકાળના એક-બે વર્ષ આવી શકે છે જેમાં પૂર્વ ભારતમાં દસકામાં બે દુકાળનું જોખમ જણાય છે. દેશના કોલકાતા સહિત પૂર્વ તટ ઉપરાંત પશ્ચિમના ગુજરાત કોંકણ, મુંબઈ તથા દક્ષિણના ચેન્નઈ જેવા શહેરોમાં પુરનું જોખમ વધી રહ્યું છે. વર્ષ ૧૯૫૦ના દસકા પહેલા બંગાળના ઉપસાગરમાં તીવ્ર વાવાઝોડાની સંખ્યા ૯૪ હતી તે પછીના ગાળામાં વધીને ૧૪૦ થવા પામી છે અને અરબી સમુદ્રમાં પણ આ ગાળામાં વાવાઝોડાની સંખ્યા ૨૯થી વધી ૪૪ થઈ છે તેમજ તેની તાકાત પણ વધી છે. છેલ્લા બે દાયકામાં અતિ તીવ્ર વાવાઝોડાની સંખ્યા વધી છે ત્યારે ભલે આપણે 'નિસર્ગ'માંથી ઉગરી ગયાં પરંતુ હજુ પણ જો ચેતીશુ નહીં તો કાલે કદાચ અન્ય વાવાઝોડા અથવા પુર, દુષ્કાળ કે હીટવેવનો શિકાર થઈશું, માટે જરુરી છે કે લોકડાઉનમાં મળેલા બોધપાઠને હવે જીવનમાં ઉતારીએ અને પ્રદૂષણ ઓછું થાય તે માટે સર્વાંગી પ્રયત્નો સાથે 'લોકડાઉન ડે' ઉજવવાની પ્રથા અપનાવીએ.

-પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com